## જન્મદિને વધામણી


જયંતિભાઈ કેશાભાઈ વાળંદ
૯૧૦૪૪૪૨૩૭૬


મંજુલા બેન જયંતિભાઈ વાળંદ
૬૩૫૩૭૭૩૭૨૨


જસુમતીબેન વી પરમાર


શ્રીમતી પુષ્પાબેન મહેન્દ્રભાઈ રાઠોડ


વાલજીભાઈ એન ઠાકોર


શાંતાબેન પુરુષોત્તમ રાઠોડ


એસ એ. વાઘેલા


પી. કે ત્રિવેદી


ગુલામહુસેન કે. શેખ


ઠાકોર ભવાનજી ચંદુજી

# આજે વિશ્વ દૂધ દિવસ ઉજવાશે

## શહેરમાંથી દૈનિક ૧ લાખ લિટર દૂધનું વિતરણ કરવામાં આવે છે : મધુર ડેરીમાં ૨લાખ ૪૦ હજાર લિટર દૂધનું ઉત્પાદન : અમુલ ડેરી દ્વારા અમુલ કુલ મિલ્કનું વિતરણ કરીને વિશ્વ મિલ્ક દિવસની ઉજવણી કરાશે

જૂન મહિનાની પ્રથમ તારીખે વિશ્વ મિલ્ક દિવસ ઉજવવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે દૂધ કેટલું મહત્વ રાખે છે અને આપણી ડાયટ માટે કેટલું જરુરી છે આ વાતને સમજાવવા અને દૂધને ડાયટમાં સામેલ કરવા માટે જાગરૂકતા લાવવાના ઉદ્દેશથી આ દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વ દૂધ દિવસ એ દૂધ અને દૂધની બનાવટોના મહત્વની ઉજવણી કરવાનો દિવસ છે. ડેરી સેકટર સામેના પડકારો વિશે જાગૃતિ લાવવાનો પણ દિવસ છે. દૂધ એ મનુષ્ય માટે સૌથી મહત્વપૂર્ણ ખોરાક છે તે બાળકો, વયસ્કો અને વૃધ્ધો માટે જરુરી છે.

વિશ્વ દૂધ દિવસ ૨૦૨૨ની થીમ આબોહવા પરિવર્તનની કટોકટી અને ડેરી ક્ષેત્ર પર તેની અસરને કેવી રીતે ઘટાડી શકે છે તેના પર ધ્યાન દોરવાનો છે. ડેરી સેકટરને ટકાઉ બનાવવા માટે આગામી ૩૦ વર્ષમાં ગ્રીન હાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો કરીને અને કચરાના વ્યવસ્થાપનમાં સુધારો કરીને 'ડેરી નેટ ઝીરો' હાંસલ કરવાનો ઉદ્દેશ્ય છે.



### અમુલ ડેરી તરફથી વિશ્વ મિલ્ક દિવસની ઉજવણીનું આયોજન

ગાંધીનગરમાં અમુલ ડેરીના ઈન્ચાર્જ દીપ ઉપાધ્યાયની ઉપસ્થિતિમાં બોરીજ પ્રાથમિક શાળામાં, ક્રિષ્ના વૃધ્ધાશ્રમમાં, કૈલાસધામ પેથાપુરમાં વિશ્વ મિલ્ક દિવસની ઉજવણી કરવામાં આવશે. જેમાં બોરીજના ૩૦૦ જેટલા બાળકોને અમુલ કૂલ મિલ્કનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત શહેરમાં ખડે પગે ફરજ બજાવતા ટ્રાફિક પોલીસના જવાનોને ઠંડી છાશનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

**સ્વાસ્થ્ય માટે દૂધ કેટલું મહત્વ રાખે છે અને આપણી ડાયટ માટે કેટલું જરુરી છે આ વાતને સમજાવવા અને દૂધને ડાયટમાં સામેલ કરવા માટે જાગરૂકતા લાવવાના ઉદ્દેશથી આ દિવસ ઉજવવામાં આવે છે.**

### ગાંધીનગરમાં દૈનિક ૧ લાખ લિટર દૂધનું વિતરણ

ગાંધીનગરમાં શહેરી વિસ્તારમાં દૈનિક ૧ લાખ લિટર દૂધનું વિતરણ થાય છે જયારે શહેરમાં ૨ લાખ ૪૦ હજાર લિટર દૂધનું દૈનિક ઉત્પાદન મધુર ડેરી ખાતે થાય છે. શહેરીજનો દૂધની વિવિધ બ્રાન્ડ જેવી કે શક્તિ, ગોલ્ડ, તાજા, ટી સ્પેશિયલ દૂધની ખરીદી કરી રહ્યા છે. જો કે દૂધના ભાવમાં વધારો થવાથી દૂધની ખરીદીમાં ઘટાડો નોંધાયો છે તેની સામે ઉનાળો હોવાથી ઘાસની ડીમાન્ડ વધી છે.

## વય નિવૃત્ત થતાં દિનેશભાઈ નાયકને નાયક ભોજક વ્યાસ સમાજ દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી

ગુજરાત રાજ્ય વન વિભાગ વન્યજીવ સંરક્ષણ ખાતું



ગાંધીનગર ખાતે છેલ્લા ચાર દાયકાથી સેવાઓ આપી રહેલ દિનેશભાઈ નાયક કચેરી અધિક્ષક વર્ગ ૨ના હોદ્દા પરથી ૩૧ મે એ સેવાકાળ ની વય નિવૃત્તિ થી વિદાય લઈ રહ્યા છે ત્યારે સમસ્ત નાયક ભોજક વ્યાસ સમાજ ગાંધીનગરના મહામંત્રી દિનેશભાઈ નાયક પોતાનું સ્વાસ્થ્ય નીરોગી તેમજ નિરામય જીવન રાખી પુરા ખંતપૂર્વક યૌવન સભર સામાજિક સેવાકાર્યો થી સજ્જ રાખી શકે તેવી શુભેચ્છાઓ સહ શુભકામનાઓ ડૉ હસમુખભાઈ નાયક, પ્રમુખ નાયક ભોજક વ્યાસ સમાજ, ગાંધીનગર દ્વારા પાઠવવામાં આવી હતી.


શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ, ગાંધીનગર દ્વારા જીતેન્દ્રભાઈ ત્રિવેદી, સલાહકારનું ભગવાન પરશુરામ જયંતિની શોભાયાત્રામાં ખુબ સારું યોગદાન આપવા બદલ સર્ટીફીકેટ અને શાલ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## આવતીકાલે મહારાણા પ્રતાપ જયંતિ નિમિત્તે રાજપૂત ભવનથી મહારેલી યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની રાજપૂત સંસ્થાઓ દ્વારા મહારાણા પ્રતાપ જયંતિ અને આમૂલ પરિવર્તન દિવસની ઉજવણી જેઠ સુદ-૩ તા.૨-૬-૨૦૨૨ ગુરુવારના રોજ યોજાશે. આ દિવસે ભુપેન્દ્રસિંહ ચુડાસમા, પૂર્વમંત્રી મહારેલીને સવારે ૭.૩૦ કલાકે શ્રી રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨ ગાંધીનગરથી પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ મહારેલી પથિકાશ્રમ ઘ-રોડ, મહારાણા પ્રતાપ સર્કલ પેથાપુર પહોંચશે અને ત્યાં મહારાણા પ્રતાપની પ્રતિમાને ફુલહાર કરવામાં આવશે અને સભાના રૂપમાં ફેરવાશે. ગાંધીનગર શહેર તથા જિલ્લા અને પેથાપુર ગામના સર્વે રાજપૂત ભાઈઓ-બહેનોને સાફા પાઘડી સાથે પરંપરાગત ડ્રેસમાં પોતાના વાહનો સાથે મહારેલીમાં જોડાવવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. સોલંકી ભલાજી કાનાજી,** ઉ.વ. ૪૦, આનંદપુરા, ડભોડા
- **સ્વ. પરમાર ખાનાભાઈ અમથાભાઈ,** ઉ.વ. ૬૭, પેથાપુર

